દર માસની ૫મી તારીખે પ્રકાશિત

RNI No. GUJGUJ/1998/4459. Permitted to post at Ahd PSO
On 5th every month under postal Regd. No. GAMC 1375
2015-17 issued by SSP Ahmedabad-9 Valid Upto 31-12-2017

ISSN 2321 6999





## ગુજરાતી વિશ્વકોશ ગ્રંથશ્રેણી

ગુજરાતી ભાષા, સાહિત્ય અને એની અસ્મિતાને ઉજાગર કરતી દરેક સંસ્થા, ગ્રંથાલય અને વ્યક્તિએ વસાવવા જેવા ૧૦૦૦ પાનાંનો એક એવા ૧ થી ૨૫ ગ્રંથો (‘અ’ થી ‘હ’ સુધી)માં ૧,૭૦૦ થી વધુ વિદ્વાનો અને લેખકોએ લખેલાં ૧૬૯ વિષયોના ૨૩,૦૦૦થી વધુ લખાણોનો સમાવેશ સવા કરોડથી વધુ શબ્દસંખ્યા અને અદ્યતન માહિતી ધરાવતો પ્રમાણભૂત વિશાળ જ્ઞાનસંચય

(રૂ. ૨૦,૮૦૦/- ની કિંમતના ગ્રંથો ૧૫,૬૦૦/- માં મળશે.)




## ગુજરાતી બાળવિશ્વકોશ

ગુજરાત બાળવિશ્વકોશ (ભાગ ૧ થી ૫)
સાહિત્ય-કળા અને સામાન્ય જ્ઞાનનાં લગભગ સર્વ ક્ષેત્રોની માહિતી આપતો આ જ્ઞાનકોશ ૧૧૬૪ અધિકરણો અને ૨૪૫૫ ચિત્રો અને તસવીરોથી સુશોભિત છે. જુદા જુદા ૭૩ જેટલા વિષયો પર પ્રમાણભૂત માહિતી ધરાવતો આ બાળવિશ્વકોશ બાળ-કિશોરો માટે અનોખી ભેટ છે. તે સુંદર બહુરંગી ચિત્રો અને તસવીરોથી સુશોભિત છે. જિજ્ઞાસાથી ઊભરાતાં બાળ-કિશોરો માટે આ અનોખી ભેટ પુરવાર થશે.

(કુલ કિંમત 3,૮૦૦/- રૂ. છે જે ૨૫ % વળતરથી મળશે.)

## ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનાં પ્રકાશનો

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા વિવિધ ગ્રંથ શ્રેણી અંતર્ગત વિવિધ વાચનસામગ્રી ધરાવતાં ‘ગુજરાત’, ‘ભારત’, ‘કૅન્સર’, ‘માનવજનીન વિજ્ઞાન’, ‘પર્યાવરણ સંહિતા’ વગેરે ૬૮ જેટલાં પુસ્તકો પ્રકાશિત થયાં છે.

**આ પ્રકાશનો ૨૫ % વળતરથી ઉપલબ્ધ થશે.**

મુખ્ય વિક્રેતા અને પ્રાપ્તિસ્થાન
ગૂર્જર એજન્સીઝ. રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન : ૨૨૧૪૪૬૬૩, ૨૨૧૪૯૬૬૦

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ




# વિશ્વવિહાર

વર્ષ : 17 * અંક : 7 * એપ્રિલ 2015 * કિં. ₹ 10





અનિલ રેલિયાના કલાસંગ્રહમાંથી




શ્રી નારાયણભાઈ દેસાઈના જીવનકાર્યની ઝાંખી આપતો
શ્રી ઈલાબહેન ભટ્ટના અધ્યક્ષપદે યોજાયેલો જીવનસ્મૃતિ કાર્યક્રમ



'સિરામિક આર્ટના ક્ષેત્રે મારી કલાયાત્રા' વિશે શ્રીમતી જ્યોત્સ્ના ભટ્ટ

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી કુમારપાળ દેસાઈ,
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી
સામે, ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : ભગવતી
ઑફસેટ, બારડોલપુરા, દરિયાપુર દરવાજા બહાર, અમદાવાદ ૩૮૦ ૦૦૪
◆
email : vishvakoshad1@gmail.com ◆ www.vishwakosh.org
છૂટક કિંમત રૂ. ૧૦/-, વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦/-, ત્રણ વર્ષનું લવાજમ રૂ. ૩૦૦/-
લવાજમ: 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ના નામે ડ્રાફ્ટ અથવા મ. ઑ.થી જ મોકલવું.
[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]





આગમ પ્રભાકર મુનિરાજશ્રી પુણ્યવિજયજી સુવર્ણચંદ્રક અને સન્માન સ્વીકારતા
પ્રાકૃત ભાષાના વિદ્વાન રમણીકભાઈ શાહ, પંકજ શેઠ, ગૌરવ શેઠ,
કુમારપાળ દેસાઈ અને વિજય પંડ્યા



'વિસ્તરતાં અને વિકસતાં શહેરો સામેના
પડકારો' વિશે શ્રી રોહિત શુક્લ



લલિતકલાકેન્દ્રની 'કૂંચી આપો બાઈજી' કાવ્યસંગીતશ્રેણીમાં
શ્રી વિનોદ જોષી, અમર ભટ્ટ તથા સાથી-કલાકારો



# માનવીય સંવેદનાનું ગ્લોબલાઇઝેશન

એક સમયે વિદ્યાર્થીઓના જીવનઘડતરમાં જુદાં જુદાં પરિબળો ભાગ ભજવતા હતા. ક્યાંક વિદ્યાર્થીના વ્યક્તિત્વઘડતરમાં આસપાસના સંજોગો સૌથી વિશેષ પ્રભાવક બનતા હતા, તો ક્યાંક આશ્રમો, ગુરુકુળો કે વિદ્યાપીઠોની શિક્ષણપદ્ધતિની વિદ્યાર્થીના જીવનઘડતરમાં સવિશેષ છાપ ઊઠતી હતી, પરંતુ ટેકનોલોજીની હરણફાળ ભરાઈ રહી છે તે સમયે અને જ્યારે કારકિર્દી-સર્જન એ એકમાત્ર ધ્યેય બન્યું હોવાથી શિક્ષણ એ વ્યક્તિના જીવનઘડતરમાં મુખ્ય પ્રભાવક બળ બની રહ્યું છે. એક અર્થમાં કહીએ તો વર્તમાન શિક્ષણની દશા એ જ મનુષ્યજાતિની દિશા નિર્ધારિત કરશે. આ શિક્ષણ ઇન્ફર્મેશન ટેકનોલોજીના સંશોધકો અને તજજ્ઞો પેદા કરી શકે છે તો એ જ ઇન્ફર્મેશન ટેકનોલોજી આતંકવાદીઓનું સબળ સાધન બનીને માનવસંહારક આતંકવાદીઓ પણ ઘડી શકે છે.

આત્મબળ સર્જવાનું કે અણુબૉમ્બ સર્જવાનું શિક્ષણ પાસે સામર્થ્ય છે અને એથી જ માનવતાને બચાવવાની કે મનુષ્યજાતિનો નાશ કરવાનું વર્તમાન યુગનું સૌથી મહત્ત્વનું સાધન એ શિક્ષણ બન્યું છે. આજનો વિદ્યાર્થી ટેકનોલોજી મારફતે આખી દુનિયાની પોતાની – આંગળીના ટેરવે ઓળખ મેળવી રહ્યો છે, પરંતુ એનું આ ભ્રમણ કયો ઉદ્દેશ સિદ્ધ કરે છે તેનો વિચાર કરવા જેવો છે. અહીં દક્ષ મહાયજ્ઞની પૌરાણિક કથાનું સ્મરણ થાય છે. કથા તો કહે છે કે દક્ષ પ્રજાપતિ બળવાન, બુદ્ધિશાળી અને ઇચ્છાશક્તિસંપન્ન રાજા હતો. એણે કરેલા યજ્ઞમાં એણે અન્ય સહુ દેવતાઓને નિમંત્રણ આપ્યું, પરંતુ શિવને બોલાવ્યા નહીં અને એમને કોઈ સ્થાન આપવામાં આવ્યું નહીં, આથી એ યજ્ઞનું પરિણામ સર્જનને બદલે વિધ્વંસમાં આવ્યું.

આજે જગત પર દક્ષ એટલે કે સ્કીલનો મહાયજ્ઞ ચાલી રહ્યો છે, પરંતુ એમાં શિવ અર્થાત્ કલ્યાણને નિમંત્રણ નથી અને તેથી સર્જનને બદલે સંહારની શક્યતાઓ વધી છે. વિડિયો ગેઇમ્સથી માંડીને તમામ માધ્યમોમાં હિંસા, ક્રૂરતા ને ભૌતિકતાનો મહિમા જોવા મળે છે. આ બધાના પરિણામે માનવીય સંવેદનામાં ઓટ આવે છે. આજે સૌથી વધુ આવશ્યકતા એ માનવીય સંવેદનાની જાગૃતિની છે અને તેથી શિક્ષણમાં સર્જનાત્મકતા અને સંવેદનશીલતાને ઉમેરીને એક નવો અભિગમ સર્જવાની જરૂર છે. એક એવી દૃષ્ટિ હોય કે જેના કેન્દ્રમાં માનવનું અસ્તિત્વ હોય, માનવ કલ્યાણ હોય અને માનવલક્ષી અધ્યાત્મ હોય, આ બધાને માટે શિક્ષણ સર્વાંગી હોવું જરૂરી છે. આપણે ત્યાં મૅકોલેએ કારકૂનીનું કૌશલ્ય ધરાવે એવા એકાંગી અને સંકુચિત શિક્ષણનો પાયો નાખ્યો. હજી મૅકોલેએ સર્જેલા માનવચિત્તના કુંડાળામાંથી શિક્ષણ બહાર નીકળી શક્યું નથી. જ્ઞાનનો પ્રસાર થાય છે, પણ એનું પ્રજ્ઞામાં રૂપાંતર થતું નથી. વર્તમાન યુગમાં માહિતીના ખડકલા હેઠળ માનવીનું મન જેમ વધુને વધુ ભીંસાતું જાય છે, તેમ તેમ એની સર્જનાત્મકતા અને સંવેદનશીલતા પર કુઠારાઘાત થતો રહે છે અને શિક્ષણ મૂલ્યોથી વધુને વધુ વેગળું થઈ રહ્યું છે.

રશિયાનો પ્રસિદ્ધ વાર્તાકાર મેક્સિમ ગોર્કી રશિયાના ગામડાંઓમાં વિજ્ઞાનની સમજ આપવા માટે ઘૂમી રહ્યો હતો. એક ગામમાં યોજાયેલી ગ્રામસભામાં એણે કહ્યું, 'આજનો માનવી વિજ્ઞાનની પાંખે હવે આકાશમાં ઊડી શકશે, છેક દરિયાના તળની નીચે ખોજ કરી શકશે. આમ માનવીની વિજ્ઞાનની સિદ્ધિઓ અશક્યને શક્ય કરનારી બની રહેશે.'

આવે સમયે સભામાં બેઠેલા એક અનુભવી વૃદ્ધે પ્રશ્ન કર્યો, 'આ વિજ્ઞાન માનવીને આકાશમાં ઊડતા શીખવી શકશે, પાતાળમાં પહોંચતો કરી શકશે, પરંતુ આ ધરતી પર કેમ જીવવું એનું જરૂરી શિક્ષણ આપશે ખરું ?'

અને આજના શિક્ષણ સામે એ જ સવાલ છે. આજનું શિક્ષણ કૌટુંબિક મૂલ્યોથી દૂર ચાલ્યું ગયું છે. જીવનઘડતર સાથે એને સ્નાનસૂતકનો સંબંધ રહ્યો નથી. એણે પ્રકૃતિ સાથેનો સંવાદ ગુમાવ્યો છે. એની ગતિ ટેકનોલોજી દ્વારા નવી નવી ક્ષિતિજો આંબવાની છે, પરંતુ એ ગતિ એના પોતાના જીવનમાં કોઈ યોગદાન આપી શકે છે તેનો સહેજે વિચાર કરવામાં આવતો નથી.

ગાંધીજીએ શિક્ષણ સાથે ઉત્પાદક પરિશ્રમનો વિચાર કર્યો, કારણ કે આટલી બધી ગરીબી ધરાવતા બાળકોને માટે શિક્ષણ અલગ અને કમાણી અલગ એ પોષાઈ શકે એમ નથી. શ્રમ અને સેવાને શિક્ષણ સાથે જોડવા જોઈએ.

આવતીકાલની સમાજરચનાનો આધાર આજના શિક્ષણ પર છે. આજે વંચિતો, ગરીબો અને શોષિતોની કેટલી વાત આ શિક્ષણમાં આવે છે ? માનવીય સમાનતાનો કોઈ સૂર એમાં સંભળાય છે ખરો ?

૧૯૯૩માં શિકાગોમાં ભરાયેલી વિશ્વધર્મ પરિષદના પ્રારંભમાં અમેરિકામાં સતત ઘટતી જતી રેડ-ઇન્ડિયન જાતિના લોકોએ એક પ્રાર્થનાગીત રજૂ કર્યું હતું, જેમાં એમની પાસેથી વિના કારણે એમની જમીન છીનવી લેનારાઓ પ્રત્યે આક્રોશ પ્રગટ કર્યો હતો. એ પ્રાર્થનાનો ભાવ એ હતો કે 'અમે તારો શો ગુનો કર્યો છે કે તમે અમારી જમીનનો ભાગ ઝૂંટવી લો છો. અમારી નાનકડી કોમને એની ભૂમિ પરથી હાંકી કાઢો છો. અમારી આજીવિકાને છીનવી લો છો. આવું શા માટે ? કયા કારણે ? અમારો વાંક-ગુનો તો કહો ?'

એ પ્રાર્થનામાં દબાયેલી, કચડાયેલી, રૂંધાયેલી માનવજાતિની ચીસ સંભળાતી હતી.

૧૯૯૮માં દક્ષિણ આફ્રિકાના કેપટાઉનમાં યોજાયેલી વિશ્વધર્મ પરિષદમાં ઈશ્વરને કરેલી પ્રાર્થનાને સ્થાન હતું, પરંતુ એ પ્રાર્થના એ પ્રકારની હતી કે 'હે ઈશ્વર ! અમને આ એઇડ્ઝની બિમારીથી ઉગારજે કે જેને પરિણામે આફ્રિકા ખંડમાં રોજ સેંકડો લોકો એનો શિકાર બને છે.'

આમ આજે વૈશ્વિક સ્તરે ધર્મનું મુખ મંદિરને બદલે માનવ પ્રત્યે વળ્યું છે, જ્યારે બીજી બાજુ શિક્ષણ એ માનવસંવેદનાથી વિમુખ થતું જાય છે. હિંસાના જ્વાળામુખી પર જગત એની ઝૂંપડી બાંધીને રહે છે અને શિક્ષણ દ્વારા એવું રૂઢિચૂસ્ત ઝનૂન જગાડવામાં આવે છે કે જેમાં વ્યક્તિને બંદૂકની ગોળીથી નિર્દોષ લોકોને ઠાર મારતા આનંદ આવે છે અને પકડાયેલા વિરોધીઓનો શિરચ્છેદ કરતી વિડિયો પ્રગટ કરીને પોતાની 'વીરતા' દર્શાવે છે. અહીં ઉત્તર આફ્રિકાના સેનેગલ દેશના કવિ સેમ્બેને ઓસમનેના 'ફિંગર્સ' કાવ્યનું સ્મરણ થાય છે —

The finger of a soldier
Across the rivers and languages
Of Europe and Asia
Of China and Africa,
Of India and the Oceans
Let us join our fingers to take away
All the power of their finger
Which keeps humanity in mourning.
[Sambene Ousmane, *'Fingers'* quoted in Lotus Awards ૧૯૭૧,
Published by the Permanent Bureau of Afro-Asian Writers]

અનુપમ સૌંદર્ય ધરાવતા શિલ્પનું સર્જન કરતાં શિલ્પીની આંગળીઓ કે જમીનને હળથી ખેડ્યા બાદ ખાડો ખોદી વાવણી કરતાં ખેડૂતની આંગળીઓની વાત કરતા આ કવિ એવી આંગળીઓ પ્રતિ લક્ષ દોરે છે કે જે જીવનનો નાશ કરે છે.

આજની ગ્લોબલ સોસાયટીને માટે આ ઘટના ખતરારૂપ છે, કારણ એટલું જ કે એ ઝનૂન, સંકુચિતતા કે રૂઢિચૂસ્તતાને તમે અટકાવી શકતા નથી. ટેકનોલોજી એને પળવારમાં આખા વિશ્વમાં મોકલી આપે છે. તાજેતરની ઘટનાઓએ એ પણ સૂચવ્યું છે કે ઇન્ફર્મેશન ટેકનોલોજીમાં નિપુણ એવા યુવાનો આજે આતંકવાદનો હાથો બન્યા છે અને વિશ્વભરમાં એ આતંકવાદનો વિચાર પહોંચાડવાનું નિમિત્ત બન્યા છે. ગ્રીસના તત્ત્વચિંતક સૉક્રેટિસે સમાજની વ્યાખ્યા આપતાં કહ્યું હતું કે સાચી સમજ ધરાવે તે સમાજ, બાકી તો ટોળું. આજે સાચી સમજ વિદાય પામી રહી છે અને માત્ર ટોળું રહી ગયું



છે. શિક્ષણ સામેનો બીજો પડકાર એ છે કે શિક્ષણ જ્ઞાતિ, જાતિ, વર્ણ, રાજ્ય, ધર્મ કે રાષ્ટ્રના ભેદભાવો મિટાવવાનું સાધન બનવું જોઈએ. 'વસુધૈવ કુટુંબકમ્'નું સૂત્ર વારંવાર સાંભળવા મળે છે, અને તે ય આ વસુધાને ખંડ-ખંડમાં વિભાજિત કરનારાઓ પાસેથી. આગમ ગ્રંથોમાં આવેલું સૂત્ર 'એક્કો હુ માણુસ્સ જાઈ' એટલે કે 'સમગ્ર માનવજાતિ એક બને' એની વખતોવખત વાત કરવામાં આવે છે, પરંતુ આ સૂત્રો સૂત્રો જ રહ્યા છે કે લોકહૃદયમાં સત્યરૂપે બિરાજિત થયા છે ખરા ?

આજે વાતો ભલે 'ગ્લોબલ યુનિટી'ની થતી હોય, પણ ઘર કે ગામમાં જ યુનિટી ન હોય, ત્યાં 'ગ્લોબલ'ની વાત કઈ રીતે શક્ય બને ? આજનો માણસ સતત વહેંચાઈ રહ્યો છે. વર્તમાન સમયમાં હું અધ્યાપક, ફક્ત ડૉક્ટર કે પછી વિજ્ઞાની કે પ્રોફેશનલ છું એમ કહ્યાથી કામ સરવાનું નથી. વર્તમાન વૈશ્વિક સદર્ભમાં વ્યક્તિ પોતે ક્યાં ઊભી છે તેની એણે ખોજ કરવાની છે. અસમાનતા પર આધારિત સમાજમાં એ ક્યાં ઊભો છે ? અન્યાય, આતંક અને આક્રમણના વિઘાતક પરિબળો રાષ્ટ્રજીવનથી આરંભીને છેક વ્યક્તિગત જીવન પર પ્રભાવક છે તે સ્થિતિમાં એ સ્વયં શું અનુભવે છે ? એ અંગે પોતે શું વિધાયક કાર્ય કરે છે ? પોતાની સંવેદનશીલતા અને માનવતાને અને પોતાના નિજાનંદને અવરોધતાં પરિબળો સામે એ કઈ રીતે મથામણ કરી રહ્યો છે ? વાણીસ્વાતંત્ર અને માનવ-અધિકારો પર છાશવારે થતાં આઘાતો સામે એની પોતાની ક્રિયા-પ્રતિક્રિયા કેવી છે ? આ બધાંનો વિચાર કરવો જોઈએ.

ફાસીવાદી પરિબળો પ્રજાસમૂહને કોઈ એક યા બીજા બહાના હેઠળ કેવી રીતે અળગો કરે છે, તેવી વાત કરતાં માર્ટિન નીમોલર (Martin Niemoeller) 'To the Faculty' કાવ્યમાં કહે છે :

In Germany they first came for the communist
And I did not speak up because I wasn't a communist
Then they came for the Jew and
And I didn't speak up because I wasn't a Jew
Then they came for the trade unionists
And I didn't speak up because I wasn't a trade unionist
Then they came for the catholics
And I didn't speak up because I was a protestant
Then they came for me – and by that time no one was left to speak up.

નફરત, ઝનૂન અને ધર્મ ઘેલછામાંથી બહાર આવીને જુદા જુદા ધર્મોની માનવ ઉત્થાનની ભાવનાઓનું મેઘધનુષ્ય રચવાની જરૂર છે. ધર્મના સિદ્ધાંતોને આધ્યાત્મિક

રૂપાંતર કરવાની જરૂર છે. 'શ્રીમદ્ ભગવદ્ગીતા'માં અશાંતિમાંથી શાંતિ અને શાંતિમાંથી પ્રશાંતિની વાત કરી છે, પરંતુ આજનું શિક્ષણ તો સ્થિતપ્રજ્ઞ યોગના બદલે અસ્થિરતા યોગની સાધના કરે છે. ઉચ્ચ ટકાવારી, કારકિર્દીનો ઊંચો ગ્રાફ અને બાહ્ય-પ્રાપ્તિની પાછળ સમગ્ર ચેતોવિશ્વ દોડી રહ્યું છે. આ દોડમાં જુદા જુદા વળાંકો અને પરિવર્તનો આવે છે. એ સતત ગતિ બદલે છે અને માણસનું મન પણ એમ અનેકશઃ બદલાતું જાય છે.

આવા કૉમર્શિયલાઈઝેશનના વંટોળમાં લોકરુચિના થયેલા બૂરા હાલહવાલ આપણે જોઈ રહ્યા છીએ. આ શિક્ષણે પ્રકૃતિ સાથેનો એનો તાલ ગુમાવ્યો છે. મનુષ્યજાતિ વિના પ્રકૃતિ અને પ્રાણી સુખેથી જીવી શકે એમ છે, પરંતુ પ્રાણી અને પ્રકૃતિ વિના માનવઅસ્તિત્વ ટકી શકે તેમ નથી. આવી ભયાવહ પરિસ્થિતિના ઓથાર હેઠળ જીવવા છતાં માનવીની પ્રકૃતિ તરફથી ક્રૂરતા ચાલુ જ રહી છે, જ્યારે આવતી પેઢીને માટે આપણે શું રાખીશું ? વૃદ્ધ બનેલા યયાતિને એના નાના પુત્ર પૂરુએ પોતાની યુવાની આપી હતી અને પોતે વૃદ્ધત્વ સ્વીકાર્યું હતું. એ રાજા યયાતિએ હજાર વર્ષ સુધી યુવાની ભોગવી હતી. આવતીકાલનો વિચાર કર્યા વિના માનવજાત આજે આવી વિના વિચારે ભૌતિક સાધનોની લખલૂંટ લૂંટ ચલાવીને યુવાની ભોગવી રહ્યું છે, જે આવનારી પેઢીને અસ્તિત્વના આખરી શ્વાસ જેવું વૃદ્ધત્વ આપશે. આજે દર વીસ મિનિટે આ પૃથ્વી પરથી એક પ્રાણીની જાતિ નષ્ટ થઈ રહી છે. એક સમયે દર દસ હજાર વર્ષે જે ઘટના બનતી હતી, એ આજે દર વીસ મિનિટે સર્જાય છે. માનવીય ક્રૂરતાનું આનાથી બીજું કોઈ મોટું ઉદાહરણ હશે ખરું ?

આજે ઘરના કોઈ ખૂણે ચીં..ચીં.. કરીને ઊડતી અને તણખલા લાવીને માળો બાંધતી ચકલી જોવા મળે છે ખરી ? કાબરનો કલબલાટ ક્યાં ગયો ? ગીધ જાણે ખોવાઈ ગયા છે અને એ જ સ્થિતિ અનેક પશુપક્ષીઓની થઈ રહી છે. હવે આપણી બાળવાર્તાઓમાંથી આ બધાની બાદબાકી કરવી પડશે અથવા તો એની ઓળખ આપવા માટે બાળકોને કોઈ 'ઝૂ'માં લઈ જવા પડશે ! પૃથ્વીના સંસાધનો લૂંટવા માટે ચંગીઝખાનની ચડાઈની જેમ આજે વિજ્ઞાપનોનો મારો ચાલે છે, જે કહે છે કે વસ્તુઓ વાપરે જ જાઓ અને મોબાઈલ પર વાત કરે જ જાઓ.

હવે ક્યાં ઋતુ પણ આપણા હાથમાં છે. આજ સુધી ઇંગ્લેન્ડમાં એવો અનુભવ થતો કે સવારે વાદળાં હોય, બપોરે થોડો સૂર્ય ડોકિયાં કરે અને સાંજે વરસાદ વરસે. આજે આપણે ભારતમાં પણ જોઈએ છે કે વસંતપંચમીએ વરસાદ પડે છે અને ૨૬મી જાન્યુઆરીએ દેશની રાજધાની પલળી જાય છે. શરદ, વસંત, ગ્રીષ્મ ઋતુઓ હવે પ્રત્યક્ષ અનુભવાતી નથી, માત્ર પંચાંગમાં જ વાંચવા મળે છે. બદલાતા પર્યાવરણનો વિચાર



કરવા જેવો છે. પહેલાં ભૂકંપ, વાવાઝોડું, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, પૂર જેવી ઘટના બને ત્યારે એના કારણરૂપે 'કુદરતનો કોપ' લેખવામાં આવતો હતો, પણ આજે તો વાસ્તવમાં આમાંની ઘણી ઘટનાઓનું સર્જન કુદરતી કોપને બદલે માનવીની હિંસા અને પ્રકૃતિ નાશનું પરિણામ છે.

એક ગણતરી પ્રમાણે ૧૯૮૦માં એશિયા ખંડમાં પ્રતિવર્ષ ૭૦ જેટલી કુદરતી આપત્તિઓની ઘટના બનતી હતી. આજે દર વર્ષે એનાથી પાંચ ગણી કુદરતી આપત્તિઓની ઘટનાઓ બને છે. આથી માનવજાતિ સામે એ સવાલ એ આવીને ઊભો છે કે એણે ધરતીકંપથી ભોંયતળિયે, પૂરથી પહેલે માળે, ગ્લોબલ વૉર્મિંગથી બીજે માળે કે પછી ધરતી પરના સાઇક્લોનથી ચોથે માળે યા દરિયાઈ જળની ત્સુનામીથી સાતમા માળેથી આત્મહત્યા કરવી છે.

આજે શિક્ષણમાં માનવીય સંવેદનાના ગ્લોબલાઈઝેશનની સૌથી વધુ જરૂર છે. આપણે ક્યાં પહોંચ્યા છીએ. વિશ્વસમસ્તનો વિચાર કરવાનો છે. માનવીએ પોતાની સિદ્ધિના યશોગાનને બદલે આપણે કઈ દિશામાં જઈ રહ્યા છીએ એનું મહત્ત્વ છે. સિદ્ધિના ગર્વને બદલે લક્ષ્યની પારદર્શકતા આવશ્યક છે.

વર્તમાન જગતમાં નિરક્ષરતાના નિવારણની સાથોસાથ સ્વતંત્રતા, સમાનતા અને બંધુતા જેવાં મૂલ્યોની સ્થાપના આવશ્યક છે. ગ્લોબલાઈઝેશન સાથે તત્કાળ જોડાઈ જતાં કોમર્શિયલાઈઝેશનથી સાવચેત થવાની જરૂર છે. સમૂહ માધ્યમોમાં સતત વધતી જતી હિંસા, સ્થૂળતા અને જાતીયતા હવે વિજ્ઞાપનોમાં, પ્રજાકીય ઉત્સવોમાં અને છેક ક્રિકેટ જેવી રમતોને પણ ઘેરી વળી છે. સંવેદનાની માવજતને માટે આવશ્યક એવી રુચિસંપન્નતાને હૃદયવટો આપવામાં આવ્યો છે, ત્યારે માનવીય વ્યક્તિત્વના શારીરિક, માનસિક, શૈક્ષણિક, સૌંદર્યશીલ અને આધ્યાત્મિક એવા સર્વતોમુખી વિકાસ માટેના શિક્ષણનો પ્રયત્ન જરૂરી છે, જેના કેન્દ્રમાં માનવીય ગરિમા, વિશ્વકલ્યાણની ભાવના અને માનવલક્ષી અધ્યાત્મપૂર્ણ અભિગમ હોય.

કવિવર રવીન્દ્રનાથ ટાગોરે કહ્યું છે કે 'સૂર્યને ગુમાવ્યા પછી તમે આંસુ સારવા બેસો, તો તારાઓ પણ તમે ગુમાવી દો છો.' આજે એ માટે જાગવાની જરૂર છે કે આવતીકાલે રોબોટ માનવમાં પ્રવેશે નહીં ! માનવી તો પગારવધારો માગે, સી.એલ. ભોગવે અને માત્ર આઠ કલાક કામ કરે, જ્યારે રોબોટ આવો કોઈ પગારવધારો કે પ્રમોશન માગતો નથી અને આઠને બદલે ચોવીસ કલાક કામ કરે છે. એ રોબોટ માનવમાં પ્રવેશે તો શું થાય ? તો એની સર્જનાત્મકતા અને સંવેદનાત્મકતા હણાઈ જાય. આથી વર્તમાન શિક્ષણે એક નવી સર્જનાત્મકતાની સંસ્કૃતિ સર્જવાની તાતી જરૂર છે.

**– કુમારપાળ દેસાઈ**

# અદમ્ય નિસર્ગપ્રેમી અને અગ્રણી પક્ષીવિદ



શ્રી લવકુમાર ખાચર

સૌરાષ્ટ્ર પ્રદેશના રાજકોટ જિલ્લાના રાજકોટ સબડિવિઝનમાં જસદણ નામે એક તાલુકો છે, જેની વસ્તી વર્ષ ૧૯૯૧માં ૧,૬૮,૬૨૧ જેટલી હતી. ઇતિહાસમાં ડોકિયું કરીએ તો જાણવા મળે છે કે જસદણ આ નામ ક્ષત્રપ રાજા ચષ્ટનના નામ ઉપરથી પડ્યું હોય તેવું અનુમાન છે. આઝાદી પૂર્વે જસદણ એ સૌરાષ્ટ્ર વિસ્તારનાં ૨૨૨ રજવાડાંઓમાંથી એક રજવાડું હતું, જે બધી રીતે વિચારીએ તો કોઈનું ધ્યાન ન ખેંચાય તેવું તે ગૌણ સ્થળ હતું. તેમ છતાં જસદણના રાજવીના પરિવારમાં વર્ષ ૧૯૩૧માં એક એવા બાળકનો જન્મ થયો જેની ૮૪ વર્ષની કુલ કારકિર્દીને કારણે તે ભારતના નકશા પર નોંધપાત્ર રીતે મહત્ત્વનું બન્યું છે, કારણ કે તે પક્ષીઓના અભ્યાસ માટેનું દેશનું એક અગત્યનું કેન્દ્ર બન્યું છે. આનો જશ હમણાં જ તારીખ ૦૨ માર્ચ, ૨૦૧૫ના રોજ અવસાન પામેલા લવકુમાર ખાચરને ફાળે જાય છે. તેમનો જન્મ વર્ષ ૧૯૩૧માં ખાચર કાઠી લડાયક વંશમાં થયો હતો. રાજવંશમાં જન્મેલા આ લવકુમારનું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ રાજકોટ ખાતેની રાજકુમાર કૉલેજમાં થયું હતું તથા ઉચ્ચ શિક્ષણ વિજ્ઞાન વિષયના અનુસ્નાતક (બી.એસસી.) ઑનર્સ પદવી માટે દિલ્હીની સેન્ટ સ્ટિફન્સ કૉલેજમાં સંપન્ન થયું હતું. વર્ષ ૧૯૫૬માં તેઓ અધ્યાપક તરીકે પોતાની માતૃસંસ્થા રાજકુમાર કૉલેજ(રાજકોટ)માં જોડાયા હતા જ્યાં તેમણે અધ્યાપક તરીકેની તેમની સમગ્ર કારકિર્દી દરમિયાન બાયૉસાયન્સેસ ઉપરાંત ભૂગોળ વિષયનું અધ્યાપન કર્યું હતું. તેમનો નિસર્ગ પ્રત્યેનો અદમ્ય લગાવ આટલો બધો પ્રભાવી અને મનોવેધક હતો કે WWF–I (World Wildlife Fund – India) એ લવકુમારને ૧૯૭૬માં ભારતભરના યુવાનો માટેના કુદરતી કે પ્રકૃતિને લગતા (Wildlife) શિક્ષણનું માળખું ઘડવાની જવાબદારી સોંપી હતી. આમ જો વિચારીએ તો જસદણના રાજવંશનો પ્રકૃતિપ્રેમ પહેલાંથી જ ખૂબ જાણીતો હતો, કારણ કે આ રાજવંશે જસદણની પડખેથી વહેતી ભાદર નદીના કિનારાની નજીકમાં જ હિંગોળગઢ ખાતે પક્ષીઓ માટેના એક અભયારણ્યનું ભૂતકાળમાં જ નિર્માણ કર્યું હતું. આ સ્થળે અવારનવાર યુવકો માટે વન્યજીવન અને ઍનવાયોરોનમેન્ટ અંગે શિક્ષણ આપવા માટેની શિબિરોનું આયોજન કરવામાં આવતું હોય છે. વર્ષ ૧૯૮૪માં લવકુમારે



સેન્ટર ફૉર ઍન્વાયરેન્ટ એજ્યુકેશન(CEE)નો હવાલો સંભાળ્યો હતો. આ કેન્દ્રના નિયામક પદે રહીને તેમણે તે અંગે જે જે યોજનાઓ ઘડી કાઢી હતી તેમાંથી મોટા ભાગની યોજનાઓનું પ્રારૂપ (મૉડલ) તે પછીની યોજનાઓ ઘડવા માટે પાયારૂપ સાબિત થયું હતું. કચ્છના અખાતને ભારતના સર્વપ્રથમ દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાન બનાવવામાં લવકુમારની સૂઝ કામ આવી હતી.

પ્રકૃતિ કે નિસર્ગના અદમ્ય અને સર્વગ્રાહી સૌંદર્ય પ્રત્યે લોકજાગૃતિ નિર્માણ કરવામાં લવકુમારનો ફાળો અત્યંત મહત્ત્વનો રહ્યો છે. તે માટે તેમણે પોતાનું સમગ્ર જાહેરજીવન સમર્પિત કર્યું હતું. આ ઝુંબેશના સંદર્ભમાં તેમણે કેટલાંક લોકભોગ્ય પુસ્તકો પણ લખ્યાં છે જેમાં 'મૉડર્નિટી : બૂન ઑર બેની ?' વિશેષ ઉલ્લેખનીય છે. તે ઉપરાંત 'ઈફ ઇગલ્સ કૅન સોઅર', 'ઇન્ડિયન બર્ડ્ઝ', 'એશિયાટિક લાયન્સ....', 'જૉય ઑફ લર્નિંગ' વગેરે પુસ્તકોનો પણ ઉલ્લેખ કરી શકાય.

લવકુમાર ખાચરને પક્ષીવિદ્યા ક્ષેત્રના તેમના શકવર્તી કાર્ય માટે કેટલાક ઍવૉર્ડ્ઝ પણ એનાયત કરવામાં આવ્યા છે : (૧) ધ સલીમ અલી જીવન ગૌરવ ઍવૉર્ડ, (૨) ઇંગ્લૅન્ડના રાજવી પ્રિન્સ ફિલિપ દ્વારા અર્પણ કરવામાં આવેલ સર્ટિફિકેટ ઑફ મેરિટ તથા (૩) વેણુ મેનન ઍવૉર્ડ(૨૦૦૮)નો સમાવેશ થાય છે.

હિમાલયના પ્રદેશમાંથી નિહાળી શકાય તેવું સૌંદર્યસભર હિંગલજ ફાર્મ એ લવકુમાર ખાચર માટે છેલ્લા પચીસ વર્ષથી પોતાના કાયમી રહેઠાણ જેવું જ રહ્યું હતું, જ્યાંથી તેમણે નિસર્ગના સંરક્ષણ અને સંવર્ધનને લગતા અનેક પ્રકલ્પો ઘડી કાઢ્યા છે અને અમલમાં મૂક્યા છે અને જેમને આધારે દેશના અન્ય પ્રદેશોના નિસર્ગપ્રેમીઓએ પોતપોતાના વિસ્તારમાં તેવા જ પ્રકલ્પો દાખલ કર્યા છે. 'હિંગોળગઢ નેચર કન્ઝર્વેશન એજ્યુકેશન પ્રોગ્રામ' (HNCEP) નામના લવકુમારે ઘડી કાઢેલા પ્રકલ્પને કારણે નિસર્ગના સંરક્ષણ અને સંવર્ધન પ્રત્યે લોકજાગૃતિમાં વધારો થયો છે એની નોંધ લેવી જ પડે તેમ છે.

લવકુમારના અવસાનથી ભારતે એક ઉમદા નિસર્ગપ્રેમી અને અગ્રેસર પક્ષીવિદ ખોયા છે.

– બી. એમ. મૂળે

### વાચકમિત્રોને

છેલ્લાં પંદર વર્ષથી 'વિશ્વવિહાર' આપને મળે છે. આપને તે રુચ્યું હોય અને ઉપયોગી લાગ્યું હોય તો તેનું વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦નું મ. ઓ. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, રમેશપાર્કની બાજુમાં, ઉસ્માનપુરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૩ – એ સરનામે મોકલશો. બે, ત્રણ, ચાર કે પાંચ વર્ષનું લવાજમ પણ એકસાથે ભરી શકાશે. ડ્રાફ્ટ **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામનો મોકલવો. ❐

# સાવધાનીનો સમય

મે, ૨૦૧૪માં બહુમતી સાથે રચાયેલી મોદી સરકારે વડાપ્રધાનની શપથગ્રહણવિધિ વેળા સાર્ક દેશોને આમંત્રિત કર્યા હતા. એટલું જ નહીં પણ જે તે દેશોના વડાઓએ આ આમંત્રણનો સહર્ષ સ્વીકાર કરી તે પ્રસંગે હાજર રહેવાનું પસંદ કર્યું હતું. આ માત્ર ઔપચારિક આમંત્રણ નહોતું પરંતુ સાર્ક દેશો – અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, ભૂતાન, નેપાળ, પાકિસ્તાન, માલદીવ, શ્રીલંકા જેવા દક્ષિણ એશિયાના દેશોની સાથે ભારતના ઉષ્માભર્યા વિદેશ સંબંધોનું ઘડતર કરવાની નવી પહેલ હતી.

આ વિદેશી પડોશીઓની વાતના ઊંડાણમાં જઈએ ત્યારે એક હકીકત સતત લક્ષમાં રાખવી જરૂરી છે કે ‘પડોશીઓ બદલી શકાતા નથી.’ આથી તે દેશો સાથે સારા સંબંધો જાળવવા એ સમયનો તકાજો હોય છે, સમયની અનિવાર્યતા છે. ૧૯૮૫માં સ્થાપના પામેલા ‘સાર્ક’માં અન્ય નાના દેશોની તુલનાએ ભારત મોટો અને કંઈક સમૃદ્ધ દેશ છે. આઠ સભ્યદેશો સાથે ચીન તેમાં નિરીક્ષકનો દરજ્જો ધરાવે છે. ચીન અને ભારત – બંને દેશો આ કંઈક નાના પડોશી રાષ્ટ્રો પર પ્રભાવ પાથરવા અને તેમને પોતાની નજીક રાખવા ઉત્સુક છે. સામે પક્ષે ચીનની ચાલ શું છે ? ચીન હિંદી મહાસાગરમાં લાંબા ગાળાની આર્થિક અને રાજકીય નીતિ વડે ભારત ફરતો ગાળિયો ભીંસવો.

ભારતના વડાપ્રધાન સેશલ્સ, મોરેશિયસ અને શ્રીલંકા – એમ ત્રણ દેશોની ટૂંકી મુલાકાતે જઈ આવ્યા છે. આ ત્રણે દેશોમાંથી સાવ તરતના પાડોશી દેશ શ્રીલંકા સાથેના આપણા સંબંધો ચડઊતરના રહ્યા છે. ભૌગોલિક સ્થાનને લીધે શ્રીલંકા વ્યૂહાત્મક મહત્ત્વ ધરાવે છે. ત્યાં ચીન બે બંદરોના નિર્માણમાં સક્રિય છે અને વધુ ચાર બંદરો વિકસાવવાના કરાર કરેલા છે. વધુમાં ચીનની દક્ષિણે સમુદ્રમાં નાના ટપકાં જેવા દેખાતા લગભગ ૬૦ જેટલા ટાપુઓ આવેલા છે. ૮૪ ચોરસ કિલોમીટરથી ૭૨૩ ચોરસ કિલોમીટર વિસ્તાર આવરી લેતા આ ટાપુઓ અવાવરુ અને નિર્જન છે. જેમાં ચીનની માલિકીના ૮ ટાપુઓ છે. ૨૮ ટાપુઓ વિયેતનામ પાસે, ૮ ફિલિપાઇન્સ પાસે, ૫ મલેશિયા પાસે અને ૪ બ્રુનઈના છે. ચીને આ ટાપુઓ પર વેપાર અને માછીમારી માટે ૧૯૭૫થી પોતાના વસાહતીઓ ત્યાં મોકલ્યા છે. ક્રમશઃ ચીન ત્યાં પગપેસારો કરીને દરેક ટાપુ પર માલિકી હક્ક સ્થાપવાની દાદાગીરી કરી રહ્યું છે. તેમજ અન્ય દેશોને આ ટાપુઓનો કબજો છોડવા હેરાન-પરેશાન કરી રહ્યું છે. પરોક્ષ રીતે તે હિંદી મહાસાગરમાં તેનો પગપેસારો મજબૂત અને મક્કમ બનાવીને ભારત પરની ભીંસ વધારવા માંગે છે.

આવા સમયે શ્રીલંકા સાથેના સંબંધો નજદીકતાથી જાળવા રાખવા જરૂરી છે. ભારત શ્રીલંકા સાથે મુખ્યત્વે બે વિવાદ ધરાવે છે : દરિયાઈ સીમાઓ અને માછીમારોના પ્રશ્નો. શ્રીલંકાની સામાન્ય ચૂંટણીમાં તાજેતરમાં જ પૂર્વ વડાપ્રધાન રાજપક્સેનો પરાજય થયો છે અને નવા વડાપ્રધાન સિરિસેન બન્યા છે. ગયા મહિને જ બંને દેશોના વડાપ્રધાનોએ પરસ્પરની મુલાકાત દ્વારા આ પ્રશ્નોના ઉકેલ અંગે ઠીક ઠીક હૈયાધારણ બંધાવી છે અને તે ઉકેલવા સક્રિયતા દાખવી છે. ભારતના વિદેશપ્રધાને ખુદ શ્રીલંકાની મુલાકાત લઈ પ્રશ્નની ઉગ્રતા ઘટાડી. વધુમાં શ્રીલંકાએ એલ.ટી.ટી.ઈ.(લિબરેશન ટાઇગર્સ ઑવ્ તામિલ ઈલમ)નો નાશ કરી, પ્રભાકરની હત્યા કરી શ્રીલંકાની તામિલ પ્રજા પર જે જુલ્મ ગુજાર્યો હતો તે વાતોને હળવી કરી ભારતે ત્યાંના તામિલો સુધી પહોંચવા વિશેષ પ્રયાસો કર્યા છે. જેમ કે શ્રીલંકાના ઉત્તરીય ભાગ અને જાફના વિસ્તારમાં ૫૦,૦૦૦ મકાનો બાંધી આપવા ઉપરાંત આર્થિક સહાય પૂરી પાડી છે (વડાપ્રધાન મોદીએ ૨૦૧૫ની તાજેતરની મુલાકાતમાં આવાં ૨૨,૦૦૦ મકાનો ત્યાંના તામિલોને અર્પણ કર્યા છે). આમ તામિલોને નિવાસો અને આર્થિક સહાય દ્વારા ત્યાંની પ્રજા અને સરકારમાં વિશ્વાસનું વાતાવરણ ઊભું કરવા પ્રયાસ કરીને તેની વાંશિક સમસ્યા હકારાત્મક ઢબે ઉકેલવા ક્રિયાશીલતા દાખવી છે. શ્રીલંકાની મુલાકાત લેનાર મોદી ભારતના બીજા વડાપ્રધાન છે જેમણે ભારત–શ્રીલંકા સંબંધોને સામાન્ય બનાવવા સક્રિયતા બતાવી છે. આમ છતાં શ્રીલંકા સાથે આર્થિક સહાય અને બંદરોના વિકાસ થકી ચીન કેટલું નજીક પહોંચે તે પર ચાંપતી નજર રાખવી જરૂરી છે.

આવી જ બીજી નજદીકતા ચીન પાકિસ્તાન સાથે કેળવી રહ્યું છે. નવાઝશરીફની મે, ૨૦૧૪ની ભારતની મુલાકાતે આ બે દેશો વચ્ચે સામાન્ય સંબંધો સ્થપાવાની આશા જન્માવી હતી પણ તેનું નક્કર પરિણામ હાથ લાગ્યું નથી. ચીન ‘દુશ્મનનો દુશ્મન મિત્ર’ એ ચાણક્યનીતિ અનુસાર પાકિસ્તાનની ખૂબ નજીક પહોંચી રહ્યું છે. આર્થિક હિતોને અનુલક્ષીને પાકિસ્તાનના ગ્વાદર બંદરનો વહીવટ ચીન કરી રહ્યું છે. હિમાલય વીંધીને પાકિસ્તાન સુધીનો રેલમાર્ગ ચીન વિકસાવી રહ્યું છે. આ રેલમાર્ગ થકી ભવિષ્યમાં લશ્કરી મથકો સ્થાપવાની પ્રવૃત્તિ/આડોડાઈ તે કરશે તે વાત ખાસ ધ્યાનમાં રાખવાની જરૂર છે. કારણ લશ્કરી અટકચાળા કરવા માટે ચીન જાણીતું છે. આ માર્ગો દ્વારા ભારત પ્રવેશના તેના પ્રયાસો આસાન બની જાય તે સમજવું જરૂરી છે અને પાકિસ્તાનના ઇસ્લામાબાદમાં હમણાં તેની એલચી કચેરી ખોલી છે. વિદેશો ખાતેની તેની આવી કચેરીઓમાં તે સૌથી મોટી એલચી કચેરી છે. ત્યાં તે મોટા પ્રમાણમાં કર્મચારીઓને કામે લગાડનાર છે. લાંબાગાળાની દૃષ્ટિએ આ પગલાં ઘણાં સૂચિતાર્થો ધરાવે છે. વધુમાં પાકિસ્તાન અવારનવાર સરહદે છમકલાં કરી સીમાભંગ કર્યા જ કરે છે. અમેરિકી પ્રમુખ બરાક ઓબામા અને વડાપ્રધાન મોદી વચ્ચેની મુલાકાતની બહાર ન આવેલી વાતોમાં એક મહત્ત્વનો મુદ્દો પાકિસ્તાન સાથેનું અંતર ઘટાડવાનો હતો. કેમ આમ ? આ પ્રશ્નનો સીધો-સાદો જવાબ એ છે કે આજના ન્યૂક્લિયર યુગમાં, પાકિસ્તાનમાં વકરી રહેલા આંતકવાદમાં ન્યૂક્લિયર શસ્ત્રો કોઈ પણ ભોગે આંતકીઓ સુધી ન પહોંચે તેની તકેદારી રાખવાની છે. પાકિસ્તાનનાં પરમાણુ શસ્ત્રો આતંકીઓના હાથ સુધી પહોંચે તો વિશ્વની ખાનાખરાબીનો કોઈ અંદાજ લગાવી શકાય તેમ નથી. એટલે એક તરફ એશિયામાં

**(અનુસંધાન અઢારમા પાને)**

# પ્રાણીઓમાં વરિષ્ઠો પ્રતિ સન્માન

વયસ્કને મદદરૂપ થવાનું માત્ર માનવીમાં જ નથી પણ પ્રાણીઓમાં પણ છે. તેનું દૃષ્ટાંત આપતી તસવીર અનુપ શાહે લીધેલી છે અને વિજ્ઞાનના સામયિક 'ન્યુ સાયંટિસ્ટ'માં પ્રસિદ્ધ થયેલ છે.

આપણા સમાજમાં વરિષ્ઠ નાગરિકોનું સન્માન વધતું જાય છે. અલબત્ત આપણી સંસ્કૃતિમાં તે વણાયેલું છે, પરંતુ હવે સરકારી ઝુંબેશ અને કેટલાક લાભો અપાતાં લોકો સ્વયં વરિષ્ઠ નાગરિકોને સન્માન આપે છે. કોઈ વૃદ્ધને રસ્તો ઓળંગવો હોય તો કોઈ અજાણ્યો યુવાન તેનો હાથ પકડી લઈ જાય છે. બસમાં વરિષ્ઠ નાગરિક દાંડો પકડી ઊભા હોય તો કોઈ યુવાન પોતે બેઠક પર બેઠો હોય તો તે ખાલી કરીને તેમને બેસવાની જગ્યા આપે છે. એવી રીતે રેલવે–ટ્રેનના સ્લીપર કોચમાં વરિષ્ઠ નાગરિકને ઉપરની બર્થ ફાળવવામાં આવી હોય તો નીચેની સીટવાળી વ્યક્તિ તેમને પોતાની બર્થ ઓફર કરે છે, જોકે હવે તો સરકારે વરિષ્ઠ નાગરિકોને નીચેની બર્થ આપવા રેલવે ઑથોરિટીને સૂચના આપી છે. આમ વરિષ્ઠ નાગરિકોને તેમની વય જોઈને સન્માન આપવાનો માહોલ સર્જવામાં આવ્યો છે.

એવી રીતે નાનાં બાળકો માટેનું વલણ જોવા મળે છે. કોઈ સ્ત્રી નાના બાળકને તેડીને બસમાં ઊભી હોય તો કોઈ યુવાન કે યુવતી ઊભા થઈ જગ્યા આપે છે. આ રીતે સંતાનની સુરક્ષા અને પાલનપોષણ કરવું તે પશુ-પક્ષીમાં પણ જોવા મળે છે. પક્ષીઓ ઈંડાં મૂક્યાં પછી અને તેને સેવ્યાં સુધી તેની પાસેથી ખસતાં નથી. તેમાંથી બચ્ચાં જન્મે ત્યારે દિવસો સુધી ચણ લાવી તેના મોઢામાં મૂકે છે અને થોડાં મોટાં થાય એટલે ઊડતાં શીખવે છે. જ્યારે સ્વતંત્ર રીતે ઊડવા માંડે પછી તેમને સ્વતંત્ર રીતે જીવવા દે છે. એવી રીતે શ્વાનમાં જોવા મળે છે. તેનાં ગલૂડિયાંને સ્તનપાન કરાવે છે અને મોટા થાય પછી કેટલોક સમય રક્ષણ કરે છે. આવું બધાં જ પશુઓમાં પણ જોવા મળે છે.

અહીં જે તસવીર આપી છે તે ચિમ્પાન્ઝીની છે. તેનું નામ 'સિરિ' છે. તે તાજો યુવાન પૂર્વનો ચિમ્પાન્ઝી છે, જ્યારે આ તસવીર લેવામાં આવી ત્યારે તે ચાર વર્ષનો હતો. બીજી બાજુ એટલે જમણી બાજુ જે ચિમ્પાન્ઝી છે તે ૨૨ વર્ષનો વૃદ્ધ ચિમ્પાન્ઝી છે. તેનું નામ ફાઉસ્ટિનો છે. એ બંને એકબીજાના સગા થતા નથી તેથી નવાઈની વાત છે કે વરિષ્ઠ નર ચિમ્પાન્ઝી એક યુવાન ચિમ્પાન્ઝી સાથે નાસ્તો ખાઈ રહ્યો છે. નાસ્તામાં અહીં 'લેમન ગ્રાસ બેરીઝ' છે. યુવા ચિમ્પાન્ઝી પ્રેમથી વરિષ્ઠ ચિમ્પાન્ઝીના મોઢામાં તે મૂકી રહ્યો છે. વરિષ્ઠ ચિમ્પાન્ઝી પ્રત્યે સન્માનની ભાવના બતાવી રહ્યો છે.





**ગોમ્બે સ્ટ્રીમ નૅશનલ પાર્ક, ટાન્ઝાનિયા**

જો આ તસવીર કોઈ વૃદ્ધ જંગલી ચિમ્પાન્ઝીની હોત તો આપણે માનતે નહીં. આપણને તે ચેષ્ટા સમજાવવી મુશ્કેલ પડત. પણ આ તો તાન્ઝાનિયાના ગોમ્બે સ્ટ્રીમ નૅશનલ પાર્કની છે. સંભવતઃ જગતનાં પ્રાણીઓનો સૌથી વધુ અભ્યાસ અહીં થાય છે. આ બંને ચિમ્પાન્ઝી યુવાન અને વરિષ્ઠ, બંને ત્યાંના રહેવાસી છે.

ત્યાંના અધિકારીઓ ફાઉસ્ટિનોને બહુ નજીકથી ઓળખે છે. તેનું બચપણ બહુ મુશ્કેલ હતું. તેની માતાને ફરીથી વહેલી પ્રસૂતિ આવી ત્યારે તે ૩$\frac{૧}{૨}$ વર્ષનો હતો. સામાન્ય રીતે બે સંતાનો વચ્ચેના જન્મ આપવાનો ગાળો ચારથી છ વર્ષનો હોય છે. તેથી ઉપરાઉપરી સંતાનો થતાં ફાઉસ્ટિનોને તેની માતાનો પ્રેમ મળ્યો નહીં. કોમ્બેના પ્રાઇમોલૉજિસ્ટમાં દંતકથારૂપ જેન ગુડેલ કે જેણે ૧૯૬૦માં કોમ્બે પ્રોજેક્ટ શરૂ કર્યો, કહે છે કે ફાઉસ્ટિનોની માતા તેની વર્તણૂકથી થાકીને પોતે વૃક્ષની ડાળી પર બેસી નાનકડા ફાઉસ્ટિનોને ડાળી પરથી ઊંધે માથે લટકાવતી હતી અને પોતાની ચીડ ઉતારતી હતી.

પરંતુ આ ચીડ અને રોષ વચ્ચે તે મોટો થયો અને મજબૂત અને સન્માનનીય પણ થયો. બીજા નર ગ્રૂપનો સેકન્ડ ઇન કમાન્ડ થયો. ૨૦૦૪માં જોકે તેને રોગ થયો જેમાંથી તે માંડ માંડ બચ્યો. જોકે તે ફરી સાજો થયો પણ તેણે બધાં પદ ગુમાવ્યાં. હવે યુવા ચિમ્પાન્ઝીઓની કંપનીમાં રહે છે. તેથી કદાચ સિરિ અહીં તેના માટે લાગણી બતાવે છે.

આ પ્રાણીઓની સમાજરચના 'ટેલ્સ ઑવ્ કોમ્બે'એ વિગતવાર આપી છે. તે વાઇલ્ડ લાઇફ ફોટોગ્રાફીના નિષ્ણાત અનુપ શાહ અને ફિઓના રોજર્સએ તૈયાર કરી છે.

**– વિહારી છાયા**

# રહસ્યલોકનો અનુભવ

મને ઘણી વાર પરિચિતજનો પૂછે છે કે તમે કલાકૃતિઓનો સંગ્રહ કરવા કેમ પ્રેરાયા ? જેમ એક કલાકાર માટે કલાકાર હોવું એ કુદરતી છે, એ રીતે જ વ્યક્તિ કલાસંગ્રાહક બને, તે પણ સાહજિક કુદરતી બાબત છે. આની પણ ભીતરમાં એક પ્રકારની લગન અને ધગશ હોય છે. વળી કલા-સંગ્રહ કરવા માટેની પસંદગીની ચોક્કસ સૂઝ પણ એ માટે જવાબદાર છે.

કોઈ આવા પ્રશ્ન પૂછે, ત્યારે હું મારી બાલ્યાવસ્થાની સ્મૃતિઓમાં સરી પડું છું. મારામાં ખબર નહિ, કેમ, પણ એક સંગ્રાહક તરીકે બાળપણથી જ પ્રબળવૃત્તિ હતી. સૂરતમાં રહેતો હતો, ત્યારે મારી શેરીમાં આવતા કાપડના તાકા પરનાં રંગીન ચિત્રોને હું ખંતપૂર્વક એકઠાં કરતો અને એને વ્યવસ્થિત જાળવતો. હજી એ આજે નાચીજ લાગે, તેવા રૅપર્સ મારી પાસે જતનથી સચવાયેલા છે ! એ સમયે મારી આર્થિક સ્થિતિ સારી નહોતી એ દિવસોમાં હું અંગત મોજશોખના ભોગે કલાકૃતિઓનો સંગ્રહ કરતો હતો. એમ કહી શકું કે મારામાં કલાકૃતિનો સંગ્રહ કરવાની એક જન્મજાત 'પૅશન' છે, ધખારો છે.

હું કલાસંગ્રાહક કેમ થયો ? તો એનો પ્રથમ ઉત્તર છે મારી એ માટેની તીવ્ર લગની. ધીરે ધીરે મને એમ પણ સમજાયું કે સંગ્રાહક પાસે એક આગવી ચીવટ ને સૂઝ હોવી પણ જરૂરી છે. સઘળું કંઈ સંગ્રહ કરવાને યોગ્ય ન પણ હોય. એટલે, શું સંગ્રહ કરવો, એના કરતાં શેનો સંગ્રહ ન કરવો, એની સૂઝ હોવી વિશેષ જરૂરી છે. એક અર્થમાં કહીએ તો આ બાબતમાં હું થોડોક ચોખલિયો કે ચીવટવાળો છું. બીજી બાબત છે આવી વસ્તુઓ મેળવવાની પ્રબળ અને તીવ્ર ઇચ્છા. હું એક અર્થમાં લોભી છું. મને મારા રસની ચીજવસ્તુઓ વધારે ને વધારે મારી પાસે હોય, તેવી પ્રબળ ઇચ્છા રહે છે. પૉટ્રેઇટ્સ કે વ્યક્તિચિત્રોના સંગ્રહ માટે હું ગમે ત્યાં દોડી જાઉં, કેમ કે એ મેળવાની પ્રબળ ઇચ્છા રહે છે. એ જ રીતે, સંગ્રાહક કંજૂસ હોય છે. કંજૂસ એ અર્થમાં કે એ માત્ર એકઠું કરે છે. બસ, હું મને મનપસંદ હોય એવી કલાકૃતિઓનો સંગ્રહ કરું છું. એક અર્થમાં એ મને તો કશી કામ આવવાની નથી. એટલે કે, મને એનો આનંદ ખૂબ છે, પણ ભૌતિક ઉપયોગ ? એ તો કશો નહીં.

સમયાંતરે એ વાત પણ સમજાઈ છે કે કલાકૃતિનો સંગ્રહ આપણને આપણી લઘુતાગ્રંથિમાંથી ઉગારી લે છે. કોઈ પણ કલાકૃતિ ખરીદ્યા પછી મને એમ થાય કે એની કિંમત કરતાં એના વધારે પૈસા આપી દીધા છે, કવચિત્ એમ પણ લાગે કે હું છેતરાયો છું. પરંતુ એવા અનુભવો થયા છે કે ઉત્તમ વસ્તુને મોંઘી કિંમતથી ખરીદીએ, તો આપોઆપ યોગ્ય સમયે એની 'માર્કેટ વૅલ્યુ' વધે જ છે. એટલે, એ કલાકૃતિ જ આપણને હીનભાવમાંથી ઉગારી લે છે. આવા અનુભવો પછી ગમતી અને ઉત્તમ કલાકૃતિઓનો ગમે તે ભોગે સંગ્રહ કરતાં હું અચકાતો નથી. ભલે કૃતિ ખરીદ્યા પછી અફસોસ થયો હોય, પણ એક સમય એવો આવે છે, જ્યારે એ અલભ્ય 'રૅર' અને 'યુનિક' થઈ જાય છે, ત્યારે એને સમયસર ખરીદ્યાનો આનંદ અનુભવાય છે.

મને સૌથી વધારે આશ્ચર્ય અને આનંદ એ વાતનો છે કે ઘણા લોકો આ અંગે સામે ચાલીને મારો સંપર્ક કરે છે અને કહે છે મારી પાસે અમુક વસ્તુ છે. અમે એ નહીં સાચવી શકીએ. તમે જ એની કદર કરી શકશો, તો એને તમે રાખો. મને કલાકૃતિનું જતન કરવાની મારી આ યાત્રાનું ફળ આ રીતે મળી રહે છે.

કલાકૃતિઓ ખરાબ થઈને રોળાઈ જાય, એનો નાશ થાય, એ વિદેશમાં પહોંચી જાય, એના કરતાં હું એને સાચવું છું. એ ખરાબ થઈ હોય તો 'રિસ્ટોરેશન' કરાવું છું અને મનમાં કન્ઝર્વેશન થાય એવી ઇચ્છા પણ સતત રહે છે. એક કલાપ્રેમી તરીકે પણ હું કલાકૃતિનો મહિમા કરું છું. ઘણી વાર એવું બને છે કે મૂળ કૃતિ બનાવવા માટે થયેલ ખર્ચ અને એના સર્જન પાછળનો સમય ઓછો હોય, પરંતુ મેં એના માટે આપેલ ભોગ અનેકગણો વધુ હોય છે. જેમકે, કોઈ કૃતિ બે દિવસમાં તૈયાર થઈ હોય અને એની કિંમત માનીએ કે દસ હજાર હોય, પરંતુ એની મરમ્મત કરતાં હું મૂળ કિંમત કરતાં પાંચ-સાત ગણો વધારે ખર્ચ કરું છું અને મહિનાઓ સુધી ખરાબ થયેલા ભાગનું 'રિસ્ટોરેશન' ચાલતું રહે છે.

કલાસંગ્રહ એ માત્ર ભૌતિક વસ્તુઓની વખાર નથી. એ જીવંત, સાંસ્કૃતિક અને સંવેદનાથી ભરી-ભરી પ્રક્રિયા છે. એની સાથે અનેક પ્રકારની લાગણીઓના, સંબંધોના, કલાકારની સર્જનપ્રક્રિયાના તાણાવાણા ગૂંથાયેલા હોય છે. લગભગ દરેક કલાકૃતિનો એક ઇતિહાસ હોય છે કે એક કથા હોય છે. એમાંથી પસાર થવાનું ઘણું રોમાંચક લાગે છે. કલાકૃતિના સંગ્રહની આ પ્રક્રિયા આપણો જીવન જીવવાનો અભિગમ બદલી નાખે છે. મને એમાંથી પ્રેરણા પણ મળે છે. કોઈ મહેલ અથવા ભવ્ય હવેલી હોય એની કલાકૃતિઓને, એના વારસદારો વેચવા કાઢે ત્યારે કાળની ગતિ અને ભાગ્યના બદલાતા ચક્ર વિશે મનોમન આશ્ચર્ય થાય. પૂર્વજોએ રચેલી ભવ્યતાને એક પછી એક વેચીને વારસદારો જીવે, ત્યારે મનમાં ભારોભાર અનુકંપા જાગે. નજર સામે જ માણસની આવી દયનીય સ્થિતિ જીવન વિશે ઘણો મોટો બોધપાઠ આપી જાય છે. આવું ડીલિંગ કરતી વખતે એમની આંખોમાં લોભના, લાલચના, દયાના, લાચારીના, ગરીબાઈના જે અનેક માનવ-મનના રંગો ઊભરાય તેને વર્ણવવા મુશ્કેલ છે.

મને સંગ્રહ કરવાની રીતસરની ઘેલછા છે. લોકો જુદી જુદી કેટલીય બાબતોમાં 'ઇન્વેસ્ટ' કરે છે. હું કલાને 'ઇન્વેસ્ટ' તરીકે જોતો જ નથી. મારે માટે આ એક પ્રકારનું પૅશન છે, વળગણ છે. આઈ એમ ક્રૅઝી. હું કેટલાય મોજશોખના કે સાધન – સંપન્નતાની અવેજીમાં પણ કલાકૃતિઓ ખરીદું છું. વિદેશયાત્રાએ ગયો હોઉં, તો ત્યાં પણ મારી શોધ સતત ચાલુ હોય. વિદેશમાં આપણા 'ગુજરી બજાર'ની જેમ 'ગૅરેજ સેલ' કે 'ફ્લી સેલ'ના નામે ઓળખાતી જૂની વસ્તુના માર્કેટની મુલાકાત લઉં. આમાંથી વળતર ક્યાં અને કેવું મળશે, એની ખબર નથી, કેમકે એવા ઉદ્દેશથી હું કશું ભેગું કરતો નથી. કહે છે ને કે કંજૂસ સૌથી મોટા દાનેશ્વરી હોય છે. એ પોતે કશું વાપર્યા વગર બધું પાછળ છોડી જાય છે. હું આ અર્થમાં દાનેશ્વરી છું, કેમકે, મારા સંગ્રહને હું છોડી જવાનો છું. પણ એક ઇચ્છા એવી છે કે મેં જે કલાકૃતિઓનો આનંદ માણ્યો, તે અન્ય લોકો પણ માણી શકે અને એ માટે એક મ્યુઝિયમની રચના કરું અને એ મ્યુઝિયમ મારા ગમતા શહેર અમદાવાદમાં જ સ્થપાય એવી ઇચ્છા છે. કલા આખરે તો આનંદ અને રસની પ્રવૃત્તિ છે. જગતની ઉત્તમ કૃતિઓને કબાટમાં બંધ રાખવા કરતાં લોકો સમક્ષ કાયમી ધોરણે મૂકી શકાય એવી ઇચ્છા છે.

મારી આંખ સતત કલાકૃતિઓના જતન અને સંગ્રહ માટે મને બેચેન રાખે છે, કલાકાર તરીકેની ઝંખના મને સતત કશુંક અવનવું એકઠું કરવા પ્રેરે છે. આજે, આ ક્ષણે, ઊભો રહીને ભૂતકાળ પર એક નજર નાખું છું, ત્યારે મને પોતાને આશ્ચર્ય થાય છે કે એક સંગ્રાહક તરીકે મેં કલાકૃતિઓ જ એકઠી નથી કરી, જીવનના અનેક રંગોને મારા અનુભવોમાં પૂર્યા છે. કલાકારો, સંગ્રાહકો, મહાન વ્યક્તિના આર્થિક રીતે ભીંસ અનુભવતા વારસદારો, લોભીઓ, ધુતારાઓ, કબાડીવાળાઓ, એજન્ટો.... કોઈએ ન અનુભવી હોય કે જોઈ હોય, એવી આ એક અદ્‌ભુત રસિક સૃષ્ટિ છે. એ બધાંના પરિચયમાં આવવાનું ગમ્યું છે. અહીં ઉત્તમમાં ઉત્તમ લોકો તો કેટલાક અત્યંત કડવા અનુભવો પણ થયા છે. પરંતુ, હું કહીશ કે, કલાસંગ્રાહક તરીકે મારી પાસે માનવવ્યવહારની વિશિષ્ટતાના વિવિધરંગી અનુભવો છે. આ સંભારણાંની સારી અને મીઠી વાતો કરવાનું, જીવનના જુદા જ રંગો વ્યક્ત કરવાનું મને ગમે છે.

'આર્ટ કલેક્ટર' એ શબ્દ મને ખાસ ગમતો નથી, કેમકે, એમાં 'મટિરિયાલિસ્ટિક ઍપ્રોચ'ની ગંધ આવે છે. મારે મન કલાકૃતિનો સંગ્રહ એક આનંદ છે, ખુશી છે, એક પ્રકારની લગની છે. કલાકૃતિના સંગ્રહ નિમિત્તે થયેલા અનુભવો મારી કલાસંગ્રહની સૃષ્ટિ જેટલા સમૃદ્ધ છે. મારી જિંદગીમાં એણે પૂરેલા રંગ કોઈ રહસ્યલોકથી સહેજે કમ નથી.

**– અનિલ રેલિયા**





**જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી**

◈ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની **શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી**ના ઉપક્રમે એપ્રિલ મહિનામાં નીચે મુજબ બે વ્યાખ્યાનો સાંજે **પાંચ વાગ્યે** શ્રી હીરાલાલ ભગવતી સભાગૃહમાં યોજવામાં આવ્યાં છે :

| | | |
|---|---|---|
| **૧૫ એપ્રિલ, ૨૦૧૫, બુધવાર** : | વિષય | : વિસ્મયનો વિસ્તાર, આનંદનો અવતાર |
| | વક્તા | : શ્રી જય વસાવડા |
| **૨૯ એપ્રિલ, ૨૦૧૫, બુધવાર** : | વિષય | : મારા સેવાક્ષેત્રના અવનવા અનુભવો |
| | વક્તા | : શ્રી માધવ રામાનુજ |

**લલિતકલાકેન્દ્ર**

**◈ ૧૧ એપ્રિલ ૨૦૧૫, શનિવાર, સાંજના ૫-૩૦ :**

'મારા કલાસંગ્રહની કડવી-મીઠી વાત' વિશે શ્રી અનિલ રેલિયાનો વાર્તાલાપ તથા કલાવીથિકામાં તેમના કલાસંગ્રહના ચિત્રોનું પ્રદર્શન.

**અન્ય કાર્યક્રમ**

**◈ ૨૦ એપ્રિલ ૨૦૧૫, સોમવાર, સાંજના ૫-૩૦ :**

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને રસધ્વનિના સંયુક્ત ઉપક્રમે 'SURUCHI – All About Classical Dance' પુસ્તકનું વિમોચન શ્રીમતી કુમુદિનીબહેન લાખિયા દ્વારા. કુમારપાળ દેસાઈ, એસ. ડી. દેસાઈ અને ઉમા અનંતાણીના વક્તવ્યો તથા શિવાંગી વિક્રમ, પાયલ ઘોડાદ્રા અને કોરલ એડનવાલાની નૃત્ય પ્રસ્તુતિ.

**◈ ૨૨ એપ્રિલ ૨૦૧૫, બુધવાર, સાંજના ૫-૩૦ :**

પૃથ્વી દિનની ઉજવણી નિમિત્તે પૃથ્વી અને પર્યાવરણને અનુલક્ષીને ડૉ. અલ્પા શાહ લિખિત અને શ્રી નિસર્ગ ત્રિવેદી દિગ્દર્શિત નાટ્યપ્રસ્તુતિ.

**◈ ૨૩ એપ્રિલ ૨૦૧૫, ગુરુવાર, સાંજના ૫-૩૦ :**

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા પુસ્તક પરિચય શ્રેણી શરૂ કરવામાં આવી રહી છે. આ શ્રેણી અન્વયે દર બે મહિને પુસ્તક વિશે એક વ્યાખ્યાન યોજવામાં આવશે. તેનો પ્રારંભ પુસ્તકદિને થશે.

---

**(બારમા પાનાનું ચાલુ)**

ભારત ફરતે ચીન તેનો ગાળિયો કસી રહ્યું છે તો વિશ્વરાજકારણમાં યુરોપ–અમેરિકાના દેશો આતંકવાદને કાબૂમાં લેવા મરણિયા બન્યા છે ત્યારે ભારત અને વિકસતા દેશો સામે ઘણા ઘણા પ્રશ્નો છે; પરંતુ એક વાત નક્કી કે આ ભારે સાવધાનીનો સમય છે. સાવધાની જ સલામતી અને શાંતિ પૂરી પાડી શકે તેમ છે.

ભારતે નાના પડોશી દેશોને ખુશ રાખીને આગળ વધવાનું છે.

**– રક્ષા મ. વ્યાસ**